સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

ભાડૂતી મેદની જોઈ બોલવામાં ભાન ભૂલે છે,
નેતાઓ, શિક્ષણને સંસ્કારની શાન ભૂલે છે.
આન-બાન લોકશાહીની કરે ઓછે ધૂળ - ચાટતી...
હરિફોનું માન-સન્માન અને સ્વમાન ભૂલે છે...

હાઈકુ

તૂટેલ લગામ,
બને બેફામ નેતા -
જીભ બેકાબૂ...

લોકશાહીના
શિક્ષણ - સંસ્કારના
પાયા ખોખલા...

ચિંતન

બાલાગ્રસ્ત માગસ્ય શતધા કલ્પિતસ્ય ચ ।
માગો જીવઃ સ વિજ્ઞેયઃ સ ચાનન્ત્યાય કલ્પતે ॥

ઉપરોક્ત શ્લોક શ્વેતાશ્વેતરોપનિષદમાંથી લેવામાં આવેલ છે.

વાળની ટોચના સો ભાગ કરી, તેમાંનાં એક ટુકડાના ફરી સો ભાગ કરીએ પછી એમાંનો અતિ સુક્ષ્મ અંશ જેવડો હોય તેવડો જીવ છે અને છતાં એ અનંત થવાની ક્ષમતા ધરાવે છે.

કોઈ પણ દેહમાં રહેલા ચેતન તત્ત્વને કારણે જ તેનું અસ્તિત્વ હોય છે. આ ચેતન તત્ત્વને ક્યારેક જીવ તો ક્યારેક પ્રાણ તો ક્યારેક આત્મા તરીકે ઓળખવામાં આવે છે તો કોઈ વાર એને ચૈતન્ય પણ કહેવામાં આવે છે. આટલું સૂક્ષ્માતિ સૂક્ષ્મ તત્ત્વ તમામ પ્રાણીઓમાં એકસરખું જ હોય છે અને છતાં એ જ તત્ત્વમાં અનંત સ્વરુપે વિસ્તરવાની પરમ ક્ષમતા પણ હોય છે. દેહધારીનું હોવું અને નહિ હોવું આ બંને વાસ્તવમાં પેલા જીવ નામના એમાં વસેલા તત્ત્વને કારણે હોય છે. આ તત્ત્વ દૃષ્ટિભૂત થતું નથી. અને જે દૃષ્ટિભૂત થાય છે એ માત્ર આકાર હોય છે. આ આકાર પેલા પરમતત્ત્વ ને કારણે જ હોય છે. પણ આ પરમતત્ત્વ નજરે નહીં પડતું હોવાને કારણે આપણે એનાથી પરિચિત થતા નથી.

સુવિચાર

- માન વિના અમૃત પીવા કરતાં માન સહિત વિષ પીને મૃત્યુ પામવું બધું સારું - **રહીમ**
- જેનાથી ઘણો લાભ થાય તેવું સૌથી સરળ કામ વાણીનો ઓછો ઉપયોગ - **એરિસ્ટોટલ**
- સમજદારી વિનાનો સદ્‌ગુણ એ તલવાર વિનાના બખ્તર જેવો છે, એ પહેરનાર કદાચ બચી જાય પણ તે કોઈનું રક્ષણ ન કરી શકે - **કોલ્ટન**
- જે સંગ્રહનો અંત નાશ છે, ચઢવાનો અંત પતનમાં અને સંયોગનો અંત વિયોગમાં છે તેમ જીવનનો અંત મૃત્યુમાં છે - **લોર્ડ બાયરન**
- તમારી નજર સામેની ફરજો પ્રત્યે વફાદારી કેળવો, દૂરની ફરજોનું ભાન આપો આપ થઈ જશે - **ફાધર વાલેસ**
- અત્યાચાર અને ભય પરસ્પર હાથ મિલાવે છે - **બાલ્ઝાક**
- આજનું ઔષધ : એરંડીયાના લીલા પાનને તવા પર ગરમ કરી કાન ઉપર શેખ કરવાથી કાનનો દુઃખાવો મટે છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

કોઈને કરેલા અન્યાયની એક જ પળ આખા જીવનની પ્રમાણિકતાનો 'છેદ' ઉડાડી મૂકે છે! દરેકે પોતે કરેલા કર્મનું ફળ અહીં જ ભોગવવાનું છે. મહાભારતનું યુદ્ધ પૂરું થયું અને શ્રીકૃષ્ણ દ્વારિકા પરત ફર્યા. રૂકમણીએ શ્રીકૃષ્ણને પૂછ્યું. કર્ણનો શો દોષ? એક શ્રેષ્ટ મિત્ર, મહાપરાક્રમી અને મહાદાનેશ્વરી કર્ણનો શો દોષ ? જેને પોતાની માતા કુંતીને પણ અર્જુન સિવાય કોઈ પણ પાંડવને ન મારવાનું વચનદાન આપ્યું, ઈન્દ્રને પણ દાનમાં પોતાનાં કવચ કુંડળ આપી દીધા. એવા મહાન દાનેશ્વરીને કયા પાપે માર્યો ?? શ્રીકૃષ્ણએ રૂકમણીને સમજાવતાં કહ્યું, 'જયારે સાત મહારથીઓ સામે સફળતાપૂર્વક એકલે હાથે લડીને મહાવીર અભિમન્યુ નીચે પડી ગયો... અને મૃત્યુની સાવ નજીક હતો, ત્યારે તેણે અસીમ આશાથી પાસે જ ઊભેલા કર્ણ પાસે પીવાનું પાણી માંગ્યું...! તેને શ્રદ્ધા હતી કે દુશ્મન હોવા છતાં દાનેશ્વરી કર્ણ એને પાણી જરૂર આપશે... પોતાની નજીક જ ચોખ્ખી પાણીનો ઝરો હોવા છતાં... ફક્ત પોતાનો મિત્ર દુર્યોધન નારાજ ન થાય તે કારણે - કર્ણ એ મરતાં અભિમન્યુ ને પાણી ન આપ્યું... અને, એ બાળયોદ્ધો તરસ્યો જ મરી ગયો. આ એક જ 'પાપ' એના જીવન આખા દરમિયાનનાં દાનથી મળેલા પુણ્યને નષ્ટ કરવા માટે પૂરતું હતું... અને કાળની અકળ ગતિ જુઓ કે - એ જ પાણીના ઝરાના કાદવમાં એના રથનું પૈડું ફસાયું, અને એના મૃત્યુનું કારણ બન્યું.' આ જ છે. કર્મનો સિદ્ધાંજ... રૂકમણીને શ્રીકૃષ્ણની વાત સમજાઈ ગઈ.

ધાર્મિક પર્વો સાથે લોકશાહીનું મહાપર્વ

તંત્રીસ્થાનેથી...

ચૈત્ર માસ એ સનાતન હિંદુ ધર્માવલંબીઓ માટેનો શ્રાવણની કક્ષાનો પવિત્ર માસ છે. ચૈત્ર પ્રતિપદા એ વિક્રમના નવા વર્ષની શરુઆત છે અને ચૈત્રી નવરાત્ર પણ સાધકો તથા શક્તિપૂજકો માટે આસોની શારદીય નવરાત્રી જેટલો જ મહિમા ધરાવતું શક્તિપર્વ છે. સવિશેષ તો ચૈત્રી નવ રાત્રના અંતિમ દિવસે ભગવાન રામચંદ્રજીનું પ્રાગટય થયું એટલે વૈષ્ણવો માટે એ સૌથી પવિત્ર ગર્વ છે. ભગવાન સ્વામિનારાયણનો જન્મ પણ રામનવમીના જ દિવસે થયો હોઈ શુભમંગલ સુયોગ થયો છે. શ્રાવણમાં શ્રીકૃષ્ણ જન્મોત્સવનો મહિમા છે એમ ચૈત્રમાં રામનવમીનો ઓચ્છવ છે. રામ સાથે અતૂટ સંબંધ ધરાવતા લોકદેવતા હનુમાનજી ચૈત્રી પૂનમના દિવસે જન્મ્યા છે. હનુમાન જયંતીનો સવિશેષ મહિમા ગુજરાતના સર્જકો માટે 'અસ્મિતા પર્વ'ને લીધે છે. મોરારિ બાપુના પાવન સાંનિધ્યમાં મહુવા અને બાપુના નાનકડા ગામ તલગાજરડા ખાતે વરસોવરસ સાહિત્ય-કલાનો કુંભમેળો ભરાયો રહે છે. આ વર્ષે પહેલી જ વાર આ પર્વની ઉજવણી બાપુના લઘુબંધુના અકાળ અવસાનને લીધે બંધ રહી છે. આશ્ચર્યકારણ લાગે કે શ્રીરામ અને એમના પરમભક્ત હનુમાનજીનાં પ્રાગટ્ય પર્વોવચ્ચેચૈત્ર સુદ તેરસે જૈનોના ચોવીસમા તીર્થંકર ભગવાન મહાવીરનો જન્મોત્સવ આવે છે. જૈન ધર્મમાં ક્ષમા, અહિંસા અને તિતિક્ષાનો ત્રિવેણીસંગમ રચાયેલો છે. અહિંસાને આટલી સૂક્ષ્મતાપૂર્વક અમલી બનાવનાર ભગવાન મહાવીર ભારતીય સંસ્કૃતના સાચા રાષ્ટ્રનાયક છે. જૈન ધર્મની બીજી વિશેષતા એ છે કે માનવીમાં રહેલી અપાર શક્યતાઓને તાગે છે. મનુષ્ય ધારે તો તપ, ત્યાગ અને તિતિક્ષાના બળે ભગવાન બની શકે, એવો સિદ્ધાંત જૈન ધર્મ સિવાય અન્યત્ર ક્યાંક નહીં મળે. વનસ્પતિમાં પણ જીવન હોવાનું વૈજ્ઞાનિકોએ શોધ્યું એનાં ઘણાં વર્ષો પૂર્વે જૈન મુનિઓ જાણતા હતા કે વનસ્પતિને પણ પીડા પહોંચાડવી તે હિંસા છે. આથી ચાતુર્માસની સ્થિરતાની પ્રથા પડી, જેથી લીલોતરી પર ચાલતું ન પડે. જૈનધર્મ કુમારપાળના શાસનકાળમાં ગુજરાતનો રાજધર્મ હતો જેની અસર આટલા સૈકાઓ પછી પણ ગુજરાત દેશનું શાકાહારી રાજય ગણાય છે તે હકીકતમાં વરતાઈ રહી છે. આ હિંદુ-જૈન પર્વો વચ્ચે ખ્રિસ્તી ધર્મનાં ગુડ ફ્રાઈડે અને ઈસ્ટર જેવાં પર્વો પણ યોગાનુયોગ આ માસમાં જ આવી રહ્યાં છે. ઈસુ ઈશ્વરપુત્ર તરીકે લોકોનાં પાપ પોતાના શિરે લેવા પ્રગટ થયા હતા. અણસમજુ તંત્રવાહકો એમનું તે જ જીરવી ન શક્યા. એમને વધસ્તંભ પર લટકાવી દેવાયા તે દિવસે શુક્રવાર હતો. આ શુક્રવાર એ વિશ્વના ઈતિહાસના મહાન બલિદાન દિવસ તરીકે ઊજવાતો થયો એટલે ઈસુના મહાપ્રયાણના એ દિવસને ગુડફ્રાઈડે ગણવામાં આવ્યો. ત્રીજે દિવસે ગુફામાંથી અદૃશ્ય થયેલા ઈસનું પુનરુત્થાન 'ઈસ્ટર' તરીકે ઊજવાય છે. આવાં પર્વો સાથે રમજાન પણ કેવો ભળી ગયો છે ! ચૈત્રના આ ધોમધખતા તાપમાં દેશનું સૌથી મોટું લોકપર્ણ - ચૂંટણી પણ આવી રહી છે. પહેલા તબક્કા પછીના છ તબક્કાઓમાં એ સંપન્ન થશે. ગુજરાતની છવ્વીસે બેઠકો પર આગામી ૨૩ એપ્રિલે મતદાન યોજાનાર છે. ધાર્મિક પર્વો જેટલો જ આપણે એનો પણ મહિમા કરીએ.

ચૂંટણીઓ આવી આવી રે, અગનફળ લાવી લાવી રે!

મનના ઉમંગો
રણછોડ પરમાર

હજુ તો ૨૦૧૪ ની ચૂટણીઓમાં આવેલા પરીણામો અને એના પરીણામે દેશમાં આવનારા પરિવર્તનોની આપણે ચર્ચાઓ કરતા હતા ત્યાં પાંચ વરસ પૂરાં થઈ ગયાં. મોંઘવારી ઘટવાની, કાળુ ધન ભારત પાછું આવવાની, આતંકવાદ સમાપ્ત થવાની, ખેડૂતોની આવક બમણી થવાની, ઈંકટેક્ષમાં રાહત મળવાની, બેરોજગારોને નોકરી મળવાની અને છેલ્લે છેલ્લેય અચ્છે દિન આવવાની આપણે રાહ જોતા હતા અને બીજી ચૂંટણીઓ આવી ગઈ. ૯૧ બેઠકોની ચૂટણીનો એક તબક્કો પૂરો થઈ ગયો. આજે વધુ ૯૭ બેઠકોની ચૂંતણીઓ થશે, આવા કુલ સાત તબક્કામાં આખાદેશમાં ચોટણી થનાર છે. ગુજરાતમાં ૨૩ મી એપ્રિલે તમામ છવ્વીસ બેઠકોની ચૂટણી થનાર છે. આવતાઅ ગુરુવારે આપણે મળીશું ત્યારે ગુજરાતના મતદાતાઓએ ઉમેદવારોનું ભાવિસીલ કરી દીધું હશે. હાલ માથે ઉનાળાનો સૂરજ તપી રહ્યો છે અને ધરતી પર આપણા નેતાઓ વરસી રહ્યા છે. એક પક્ષે ખેડૂતોને દર વરસે છ હજાર રૂપિયા આપવાનું વચન આપ્યું. બીજાએ તરત જ દર મહિને છ હજાર આપવાનું વચન આપી દીધું. એક પક્ષે રાષ્ટ્રવાદનો મુદ્દો ઉઠાવ્યો છે, બીજાએ ન્યાયનો પ્રશ્ન ખડો કર્યો છે. એક જણ પોતાને દેશનો ચોકીદાર ગણાવે છે, બીજો એને ચોર ગણાવે છે. દરેક પક્ષ પોતાને જ દેશનો શુભેચ્છક ગણે છે . સામાવાળાના હાથમાં દેશ સલામત નહીં રહે એવી હવા જમાવવાના બંને પક્ષે પ્રયત્નો કરવામાં આવે છે. કોઈની કાર્યક્ષમતાની કદી ચર્ચા થતી નથી. એના કરતાં વધારે એકબીજાની શૈક્ષણિક ડિગ્રીઓની ચર્ચા વધારે થાય છે. અહીં ધારો કે કોંગ્રેસ જીતી જાય તો પાકિસ્તાનવાળા ફટાકડા શું કામ ફોડે તે સમજાતું નથી. કોઈપણ પક્ષ જીતે પાકિસ્તાને તો ભારત સાથે સંબંધો સુધારવા પ્રયત્નો કરવાના જ હોય, છતાં પાકિસ્તાનના વડાપ્રધાન શા માટે એવું કહે છે કે ભાજપ જીતશે તો ભારત-પાક સંબંધો ઝડપથી સારા થઈ શકશે. એમણે આપણા દેશની રાજનૈતિક વાતોમાં ભાગ લેવાની કશી જરૂર નથી.

૧૯૪૭ માં ભારત આઝાદ થયું. ૧૯૫૨ માં પહેલી ચૂંટણીઓ થઈ. ૧૯૫૩ માં મારો જન્મ થયો. એટલે જવાહરલાલના નેતૃત્વમાં લદાયેલી ચૂંટણીઓ વિશે મને કોઈ ખ્યાલ નથી. એકવાર અમે દરિયાપુર રહેતા હતા ત્યારે કાંકરિયા મેદાન પર જવાહરલાલજીની સભા હતી. ત્યાં મારા પિતાજી મને લઈ ગયા હતા. એ વખતે જાહેરસભાઓમાં ભાડુતી શ્રોતાઓ લાવવાનું શરૂ થયું ન હતું છતાં સભામાં જબરદસ્ત ભીડ હતી. બેત્રણ દરવાજેથી અમે ભીડ જોઈને પાછા વળેલા એટલું યાદ છે. કદાચ છેલ્લે થોડીક જગ્યા મળી હોય અને ભાષણ સાંભળ્યું હોય પણ શું સાંભળેલું એ કાંઈ યાદ નથી. એકવાર વિમાનમથક પર જવાહરલાલને જોયાનું યાદ છે. એ સમયે યુવાનો ઊછળી ઊછળીને '' જવાહરલાલ જિંદાબાદ'' બોલતા હતા એ દ્રશ્ય એકદમ યાદ છે. જે લોકો અત્યારે ''મોદી, મોદી '' ની બૂમો પાડતા થાકતા નથી, એમને જવાહરલાલ કેટલા લોકપ્રિય હતા એનો ખ્યાલ આવવો અસંભવ છે. અત્યારે પ્રજા પર જે પ્રચાર આક્રમણ ચાલે છે એના પચાસમા ભાગનો પણ પ્રચાર નહીં થતો હોવા છતાં કેવળ જવાહરલાલની લોકપ્રિયતા અને કોંગ્રેસની આઝાદીની લડાઈને યાદ રાખીને લોકો સ્વેચ્છાએ કોંગ્રેસને જિતાડતા હતા. તે સમયે કોંગ્રેસનું નિશાન હતું, બે બળદની જોડી. સૂત્ર હતું, ''બે બળદની જોડી, કોઈ શકે ના તોડી.'' જવાહરલાલ અને જયપ્રકાશજી કે કૃપલાણીજી એકબીજાની સામે લડતા હોવા છતાં એકબીજા માટે અપાર આદર ધરાવતા હતા.

જવાહરલાલ પછી આવેલા શ્રી લાલબહાદુર શાસ્ત્રી પણ અપાર લોકપ્રિયતા ધરાવતા હતા. તેમણે ૧૯૬૫ માં પાકિસ્તાન સામેની લડાઈમાં પાકિસ્તાનના દાંત ખાટા કરી નાખ્યા હતા. આપણા સૈનિકો છેક લાહોરની ભાગોળે પહોંચી ગયેલા. તે સમયે અમેરિકા આપણી સામેની છાવણીમાં હતું અને આપણને ઘઉં આપવાના બંધ કરી દીધેલા. ત્યારે લાલબહાદુરે આપણને ''જય જવાન, જય કિસાન'' નો નારો આપેલી. અત્યારે આપણે કૃષિક્ષેત્રે જે સ્વનિર્ભરતા ધરાવીએ છી તેના મૂળ આ નારામાં રહેલાં છે. લાલબહાદુર અચાનક અવસાન થતાં તેમના નેજા હેઠળ કોંગ્રેસને ચૂંટણી લડવા મળી ન હતી.

એ પછી આવ્યા શ્રીમતી ઈંદિરા ગાંધી, ભારતના પ્રથમ મહિલા વડાપ્રધાન. વ્યક્તિગત પ્રચારની શરૂઆત ઈંદિરાજીથી શરૂ થઈ. ખોટી પ્રસંશાઓ કરનારા આગળ વધવા માંડ્યા. દેવકાંત બરુઆએ'' ઈંદિરા ઇઝ ઇંડિયા'' એવું સૂત્ર આપેલું. જાતજાતના સૂત્ર પણ એમના રાજમાં શરૂ થયાં. પહેલાં આવ્યો ''ગરીબી હટાવો'' નો નાદ. એ પછી આવ્યું '' ઈંદિરાજી આયી હૈ, નયી રોશની લાયી હૈ.'' ભક્તો એ સમયે પણ હતા. તેઓ પોકારતા'' જબ તક સૂરજ ચાંદ રહેગા, ઈંદિરા તેરા નામ રહેગા.'' સૂરજ અને ચાંદ આકાશમાં જ હતા અને ઈંદિરાજીને ચૂંટણી હારવી પદેલી. . એમના સમયમાં ભારતે પહેલો ઉપગ્રહ છોડ્યો. પહેલો અણુબોંબ પણ ફૂટ્યો. ૧૯૭૧ માં પાકિસ્તાનને એવી કારમી હાર આપી કે પાકિસ્તાનને એની હજુયે કળ વળી નથી. એક સાથે ૯૦. ૦૦૦ પાકિસ્તાની સૈનિકોએ બાંગલા દેશમાં ભારતની શરણાગતિ સ્વીકારી. એમના નેતૃત્વથી સહુ મંત્રમુગ્ધ થઈ ગયા. અરે અટલબિહારી બાજપાઈજીએ તેમને માતા દુર્ગા સાથે સરખાવી દીધાં. જે માટે તેમને બીજા સાથીઓ તરફથી ઠપકો ખાવો પડેલો. પાકિસ્તાનના બે ભાગલા થઈ ગયા. પાકિસ્તાનને એક વાતનું ભાન થઈ ગયું કે સીધી લડાઈમાં આપણે ભારતને કદી હરાવી શકીશું નહીં. એટલે એમણે આ આતંકવાદનો રસ્તો અપનાવ્યો છે.

પણ અલ્હાબાદની હાઈકોર્ટમાં ઈંદિરાજીની ચૂટણીને ગેરકાયદેસર ઠરાવવામાં આવી અને માનભેર સત્તા છોડવાના બદલે એમણે કટોકટી લાદી. જેનો સમગ્ર ભારતની પ્રજાએ વિરોધ કર્યો અને ૧૯૭૭ ની ચૂટણી તેમને હારવી પડી. સ્વયં તેઓ પોતાની બેઠક પરથી હારી ગયાં. આ સમાચાર ચૂંટણીના પરિણામ રાતે ત્રણ વાગ્યાની આસપાસ રેડિયો પર સાંભળવા મળેલા.. ભારતની લોકશાહી એટલી મજબૂત છે કે અહીં દેશનો વડાપ્રધાન પણ ચૂંટણી હારી શકે છે. એ વખતે ઢળતી રાતે લોકોએ સરઘસ કાઢેલા અને ''રાય બરેલીકી જનતા જિંદાબાદ'' એવા સૂત્રો પોકારેલા. પછી ઠેર ઠેર ઈજ્જત ફિલ્મનું ''ઝૂમખા ગિરા રે બરેલીકી બાઝારમેં '' ગીત ગવાવા લાગેલું. તે સમયે વિરોધ પક્ષના નેતા હતા જયપ્રકાશ

અનુસંધાન પાના નં ૭ પર

જીવનની સફળતાનો આંક આર્થિક નહીં પણ આંતરિક સમૃધ્ધિ છે; આ વાત બાળકને સમયસર સમજાવી શકે એ સફળ પેરેન્ટ્સ!

અબીલ-ગુલાલ
મમતા રાવલ

છેલ્લા બે લેખ થી પરીક્ષા અને વેકેશનના મૂડની વાત ચાલી રહી છે. બોર્ડની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓનું વેકેશન ઓન છે. જ્યારે શાળોઓમાં હજુ વિદ્યાર્થીઓ પરીક્ષાર્થી તરીકે ના મોડ પર છે. માતા-પિતા બાળક સહુને આ પરીક્ષા પૂરી થવાની રાહ છે.

વેકેશનમાં ફરવાના આયોજનોની સાથે સાથે પ્રવૃત્તિઓના આયોજનો પણ પૂરબહારમાં છે. ખાસ કરીને મમ્મીઓના મનમાં અઢળક વિચારો છે. જેમ કે આ વખતે સ્વીમીંગ તો કરાવી જ દેવું છે. બીજી એકાદ સ્પોર્ટસનું કોચિંગ પણ કરાવવું છે. હજુ દિવસમાં બપોર અને સાંજ ફ્રી રહે છે, ત્યારે ડ્રોઈંગ-કેલીગ્રાફી કંઈ લઈ શકાય અને સાંજે ડાન્સ-કરાટે કે સ્કેટિંગ ઠીક રહેશે. આમેય રોજ ક્યાં ફરવા લઈ જવાના એના કરતા આવું કંઈક હોય તો આપણનેય શાંતિ...જે શીખે તે...

વ્હાલમાં વિરોધ પરોવીને જે મા-બાપ બાળકનો ઉછેર કરે છે જમાનાની આંધીમાં પણ એ બાળકની ચિંતા રહેતી નથી

હા...હા...હા...(સોરી હોં મમ્મીઝ) આવા વિચારો ઘણી ખરી મમ્મીઓના મનમાં ચાલતા હશે. મમ્મીઓને પણ અસમંજસ રહે એટલી પ્રવૃત્તિ આજકાલ બાળકોને અનુલક્ષીને યોજાય છે. કેટલીય નિઃશુલ્ક છે. અને કેટલીય નહિંવત શુલ્ક વાળી છે. મસમોટા શુલ્ક વાળી હાઈ-ફાઈ બાળપ્રવૃત્તિ ઓનો પણ તોટો નથી.

આમ જુઓ તો અત્યારનું માર્કેટ મોટેભાગે બાળકને લાગતી વળગતી ચીજ વસ્તુઓ અને પ્રવૃત્તિ પર નિર્ભર છે. નવા જન્મેલા બાળકથી શરૂ કરીને બધીજ ઉમરના તબક્કાની આકર્ષક-લોભામણી-લેટેસ્ટ ચીજ-વસ્તુઓથી શોપિંગ મોલ અને ઘરના કબાટો ઉભરાય છે.

હજુ હમણાં જ થોડા વર્ષો પહેલા દિવાળી અને જન્મદિવસ પર એક-એક જોડ કપડાં મેળવીને જે આનંદ પ્રાપ્ત થતો એ આજકાલ કપડાની સો જોડમાં પણ પામી શકતાં નથી. આજકાલ ખરીદદાર માર્કેટ પર હાવી છે. બાળકને ડાયપર પહેરાવવું આર્થિક અને સ્વાસ્થ્યની રીતે પરવડતું નહીં. આજકાલ એ નહીં વાપરનાર યોગ્ય નથી કહેવાતા. પ્રોડક્ટ્સની ક્વોલિટીમાં પણ ખૂબ સુધારો જોવા મળી રહ્યો છે. રમકડાં, કપડાં, બેબીફૂડ, બુટ-ચંપલ વગેરેમાં અનેક વેરાયટી અને ઓપ્શન હાજર છે. દરેક કંપની ગ્રાહકને આકર્ષવા વધુમાં વધુ માર્કેટિંગ અને બહેતર સ્ટ્રેટેજી થી પોતાની પ્રોડક્ટ લોન્ચ કરે છે. ભલે પછી એ INFANT માટેનું મસાજ ઓઈલ કેમ ન હોય !!! આજકાલ ગ્રાહક માર્કેટનો રાજા છે. (it is buyer's market) અને એમાય ૫૦% જેવા બાળ ગ્રાહકો છે. જેને માટે મા-બાપ કંઈ પણ કરવા તૈયાર છે.

પોતાના બાળક માટે કંઈ પણ કરવાની માતા-પિતાની તૈયારી એ કોઈ નવી વાત નથી. આજે અને આજથી સો વર્ષ પહેલા પણ આજ તત્પરતા અને સમગ્રતાથી બાળઉછેર થતાં. છતાંય પેઢી દર પેઢી કંઈક ખોવાતું અનુભવાય છે. દરેક ઘરમાં આ ચિંતા, વિસ્મય સ્વરૂપે ઘુમરાય છે. મા-બાપને માનવામાં નથી આવતું કે આજકાલ જે માહોલ છે એવું પણ હોય ! નિઃસહાયપણું અનુભવવાની સાથે સ્વીકાર એજ માત્ર એક ઉપાય બાકી બચે છે.

ફરિયાદ અને ચિંતા સમાજમાં સહુને છે પણ એ માટે ચિંતન કરનારા અને પગલાં લેનારા કેટલા? સારામાં સારી સ્કુલ, સારામાં સારા ટ્યુશન, સારામાં સારી બેગ-પુસ્તક-ગાઈડ્સ, સગવડો આપીને જે માતા-પિતા પોતાને શ્રેષ્ઠ માતા-પિતાની હરોળમાં મુકે છે એ જાણતાં નથી કે માત્ર આજ બાળઉછેર નથી... બાળ ઉછેર-બાળ કેળવણી-બાળ સંભાળ, પળ-પળ ચાલતી પ્રોસેસ છે. દરેક સેકન્ડમાં જ્યારે એની સભાનતા હોય ત્યારે જ ઉત્તમ બાળક કે વ્યક્તિનું સર્જન શક્ય છે.

આમાં માતા-પિતા પર જ બધું આધારીત છે. એવું નથી... શાળા લેવલે શિક્ષકો, મિત્રવર્તુળ અને ઘરનું વાતાવરણ બધું જ ખૂબ મહત્વનો ભાગ ભજવે છે... બાળકના મનોજગત પર એક સાથે અતિક્રમણ કરે છે. મા-બાપના માત્ર જનીનિક લક્ષણો લઈ ને પૃથ્વી પર અવતરતું કોરી સ્લેટ જેવું મન ધરાવતું માસુમ બાળક, દરેક નાની મોટી બાબત પોતાની આસપાસના વાતાવરણમાંથી ગ્રહણ કરે છે.

મનોવિજ્ઞાનમાં બાળકની પોટ્ટી ટ્રેનીંગ પણ એક મહત્વનો હિસ્સો છે. બાળકની યોગ્ય કેળવણી અને માવજતમાં મનોવિજ્ઞાનનો ઉપયોગ મહત્વનો ભાગ છે. કોઈ પાસે એનો સમય કે સમજ નથી જેની બાળકને સૌથી વધુ જરૂર છે ! બાળકને શીખવવા કે દોરવણી આપવા માટે માતા કે પિતાનું એમાં જ્ઞાન અને આવડત હોવી જરૂરી છે. બાળક પાસે હંમેશા સન્માન ભર્યા વર્તનની અપેક્ષા રાખવામાં આવે છે પરંતુ એ માટે બાળકની આસપાસના વ્યક્તિઓ એ, બાળક પાસે થી સન્માન મેળવી શકે એટલી યોગ્યતા માટે હંમેશા પ્રયત્નશીલ રહેવું જોઈએ. 'Respect should not be demanded it should be commanded.' વડીલો કરતાં અનેક ગણી સુક્ષ્મતા અને સાયકોલોજીને બાળક ફોલો કરે છે. એની નજરનો ઝીણવટ ભર્યા અભ્યાસ કોઈ કરી ન શકે એટલો બારીક હોય છે. વિશેષ અને અદ્રિતીય બાળક દરેક મા-બાપ ઈચ્છે છે. પણ એની પાછળનું વિશ્રામ વિનાનું સતત ઉદ્યમી અને વિચારવંત જીવન બહુ ઓછા ને માફક આવે છે. મોટા ભાગના લોકો નસીબને જવાબદાર ગણાવી પોતાની માફી પોતે જ મેળવી લે છે. એજ આ નવી પેઢીની કમનસીબી છે. મોટાભાગના પરિવારો શાહમૃગની જેમ જમીનમાં મોં નાંખી બધું સરસનો ભ્રમ જીવી નાંખે છે.

આવા વલણથી બાળક પણ વાસ્તવિકતાની ઐસી-તેસી કરી જાતને ભ્રમ અને દંભને હવાલે કરી જીવવાનું શીખી જાય છે. હૃદયને કોરી રહેલા ડંખ, અસલામતી, હીનભાવનાથી લપાતા છૂપાતા, દેખાડાની વધુ ને વધુ મદદ લેતો થઈ જાય છે. ક્યારેક વ્યસનનો રસ્તો પણ અપનાવે છે. આમ ને આમ એક બાળક યુવાન થતાં સુધી કેટલીય કુટેવો-અસયંમિતતા-પૂર્વગ્રહો-માન્યતાઓથી ગ્રસ્ત થઈ જાય છે. એ દરેક બાબત એના કેરીયર, અને લગ્નજીવન અને સામાજિક જીવન પર ભારે અસર ઉપજાવે છે.

જીવનની સફળતાનો આંક આર્થિક સમૃધ્ધિ નહીં... આંતરિક સમૃધ્ધિથી અંકાવો જોઈએ એ વાત બાળકને સમયસર સમજાવી શકે એ સફળ પેરેન્ટ્સ છે. અહીં અનેકવાર આ બાબતોનો ઉલ્લેખ જુદા જુદા સંદર્ભોમાં કર્યો છે. શાસ્ત્રોમાં પણ ઉલ્લેખ છે કે તમારો ટીકાકાર એ તમારો સૌથી મોટો હિતેચ્છુ છે. બાળકનું હિત ઈચ્છતા દરેક માતા-પિતાએ એના ટીકાકાર બનવાનું સાહસ કરવું રહ્યું. યુવાન થયા પછી આ શક્ય નથી હોતું અને એ કરવું હિતાવહ નથી પરંતુ બાળપણમાં ગોળની ગાંગડી સાથે અપાતા કડવટડના ડોઝની જેમ વ્હાલમાં વિરોધ પરોવીને જે માતા-પિતા કે પરિવાર બાળકને ઉછેર છે. એને જમાનાની આંધીમાં પણ બાળકની ચિંતા કરવાનું કારણ રહેતું નથી. નિશ્ચિતતાથી જીવવા માટે બાળપણમાં કરાયેલ ટકોર-સૂચનો ઉપકારક સાબિત થાય છે. મોટાભાગના પરિવારો આ સમય ચૂકી જાય છે. અને પછી એમના હાથમાં કંઈ જ ના હોવાનું અનુભવે છે. માત્ર પ્રેમ-પુચકાર થી આજની પેઢીને પકડી રાખવી અઘરી છે. બલ્કે બાળકો ક્યારેક વધુ પડતાં પ્રેમ પ્રદર્શન થી ગુંગળામણ અનુભવે છે. અત્યારના બાળકો, યુવાઓ નોલેજ બેઝડ, તાર્કિક વાતો વધુ પસંદ કરે છે.

બાળકના માનસિક વિકાસ અને કેળવણી માટે શરૂઆતના ૫ વર્ષનો ગાળો અતિ મહત્વનો ગણાય છે. ત્યાં સુધી એ લગભગ બધી પ્રકારના ઈનપુટ્સ મેળવવા માટે સક્રિય હોય છે. માતા-પિતા પાસે પણ આ સમય ગાળામાં, પોતે ઈચ્છતા હોય એવા પુત્ર-પુત્રી કે વ્યક્તિના સર્જનની તક હોય છે. હા, નવાસવા યુવાન માતા-પિતા માટે આવી આટલી સતકર્તા રાખવી સરળ નથી હોતી છતાં પણ વિજ્ઞાન મુજબ આજ સત્ય છે. હવે સમાજમાં આ બાબતે ખૂબ જાગૃતતા આવી છે. ગર્ભિણી મહિલા માટે વર્ગો, ગર્ભ સંસ્કરણથી ઉત્તમ પ્રજાતિ પ્રાપ્તિના પ્રયત્નો થાય છે. દુનિયા પર જન્મ લીધા બાદ પ્રેક્ટીલ કેળવણીનો તબક્કો આવે છે. શ્રી અમિતાભ બચ્ચન જેવી હસ્તી પણ આ કાર્યમાં પોતાનું યોગદાન આપી રહ્યા છે.

આ વિષય ખૂબ લાંબો અને ગહેરો છે. આટલું લખ્યા પછી પણ મુખ્ય વિષય-વસ્તુ સુધી પહોંચવાનું હજુ બાકી છે. જગ્યાની મર્યાદા સમજીને વાત અહીં અધૂરી છોડું છું. આ સંદર્ભના બીજા લેખમાં, બાળઉછેર-કેળવણીની વધુ વાત કરીશું.

અત્યારે આપણે આપણી પ્રથમ અને પ્રાથમિક ફરજ માટે જાગૃતતા કેળવીને જરૂરથી મતદાન કરીશું એ સંકલ્પ લઈએ. કોઈ પણ ઈમરજન્સી કે રોકાણો છતાં આપણે મતદાન અવશ્ય કરીએ જ...અક્ષરના માધ્યમથી જોડાયેલા સહુને નમ્ર વિનંતી છે.

લીમડાના ગુણો

પહેલું સુખ તે જાતે નર્યા
ડૉ. કેદાર ઉપાધ્યાય

ચૈત્ર માસ ચાલી રહ્યો છે. વસંતઋતુમાંથી આપણે ગ્રિષ્મઋતુ તરફ ગતિ કરી રહ્યા છીએ. ગરમી પડવી શરૂ થઈ ગઈ છે. એસી, કૂલર,શર્બત, છાશ, આઈસક્રીમ, ખાખટી (કાચી કેરી) જેવી વસ્તુઓનો વપરાશ શરૂ થઈ ગયો છે. ચૈત્ર માસમાં આરોગ્ય વિષયક કાળજી પણ સવિશેષ લેવાતી હોય છે. જેમકે ચૈત્રમાં લીમડાનું સેવન. આપણે બધા લીમડા વિષે કેક ને કેક જાણીએ છીએ. ભરઉનાળે ઘેઘૂર લીમડાની છાયામાં આરામ કરવો એ જીવનનો લ્હાવો છે. ભલભલા શ્રીમંતોને પણ આવો લ્હાવો મળતો નથી. આપણી શહેરી લાઈફસ્ટાઈલમાં લીમડાનું સ્થાન હાંસીયા તરફ ધકેલાઈ ગયું હોય તેમ લાગે છે, આવા સમયે લીમડા વિષે થોડી એવી વાતો જાણીએ કે જેનાથી લીમડા પ્રત્યેનો પોતિકોભાવ ફરી જાગી શકે.

- લીમડાનું આખુય વૃક્ષ એક ઔષધિ છે. સામાન્ય રીતે કોઈ વૃક્ષનો અમુક ભાગ, જ